# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

નં. પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૨૩/કવા–૦૪/૧૪–૧૫ / ૪૭૯૮ તા. ૨૪/૦૫/૧૬

રજી. એ.ડી પત્ર

પ્રતિ,
મધર ડેરી (ફુડ એન્ડ વેજીટેબલ પ્રા.લી.)
(એફ એન્ડ વી પ્રાઈવેટ લી.)
મૌલા કાઝી ની નજીક
ગામ: હળવદ
જી: સુરેન્દ્રનગર

વિષય :–ઓડિટ રીકવરી બીલ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૨૬–૦૨–૧૫ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર : ૧૨૩/કવા–૦૪/૧૪–૧૫)

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(કે. ડી. વીરડીયા)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.) ૦૩

નકલ સાદર રવાના:
(૧) મેનેજીંગ ડીરેકટર શ્રી, પીજીવીસીએલ, નિગમીત કચેરી, રાજકોટ
જે આપ શ્રી ની – સાદર જાણ સારૂ.

નકલ રવાના :
(૧) મુખ્ય ઈજનેર શ્રી (ટેક) , પીજીવીસીએલ, નિગમીત કચેરી, રાજકોટ
(૨) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી મોરબી
(૩) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, હળવદ
(૪) નાયબ ઈજનેર શ્રી , પીજીવીસીએલ ,શહેર પેટા વીભાગીય કચેરી,હળવદ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No:- 06 (A)

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)


**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**


| | | |
|---|---|---|
| કેસ નં. : સીજીઆરએફ : ૧૨૩/ક્વા–૦૪/૧૪–૧૫ | કમિટિ મીટીંગ તા.૧૯–૦૯–૧૫ | સ્થળ :–મોરબી |

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

**અરજદાર (ફરીયાદી) : નામ:** મધર ડેરી, **ગામ:** હળવદ

**રજુઆત કરનાર :** અરજદાર હાજર રહેલ ન હતા.

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) :** શહેર પેટા વીભાગીય કચેરી,હળવદ (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, હળવદ)

**રજુઆત કરનાર :**બી.ટી.કડીવાર, કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી, હળવદ

---

## : હુકમ:

**ફરીયાદ : ઓડિટ રીકવરી બીલ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| **૧.૧** | અરજદાર જણાવે છે કે, તેઓએ તેમના સ્થળ પર રહેલ હૈયાત એવા – એન.આર.જી.પી. કેટેગરી હેઠળ ના જોડાણ નંબર: ૨૫૪૦૧/૨૧૩૧૦/૭ ના હૈયાત ૫૦ હોપા – ૩૮ કીવો ના વીજજોડાણ મા, અરજદારે વધારાના ૨૫ હોપાનો વીજભાર મંજુર કરાવી, આ એન.આર.જી.પી જોડાણ ને, ૭૫ હોપા – એટલેકે ૫૬ કીવો ના વીજભાર વાળુ કરેલ હતુ. તેમજ, તેમના સદર જોડાણવાળા સ્થળ પર નુ એક એવુ, સીંગલ ફેઇઝ, ઓર્દ્યોગીક લાઈટીગ વીજજોડાણ નં.: ૨૫૪૦૧/૨૧૩૧૧/૫ (૧.૫ કીવો), જેનુ મીટર રદબાતલ થતા, આ જોડાણ નો વીજભાર પણ, આખરી હૈયાત એવા ૦૧ જોડાણ નં. ૨૫૪૦૧/૨૧૩૧૦/૭ મા, એકત્રીત થતા, હાલ આ જોડાણ નંબર: ૨૫૪૦૧/૨૧૩૧૦/૭, જે ખરેખર, ૫૭.૫ કીવો ના વીજભાર વાળુ બનેલ છે. તેમજ, નામદાર જીઈઆરસી ના ધારાધોરણ, એટલેકે બીલીગ ટેરીફ –૨૦૧૧ મા કરાયેલ જોગવાઈ મુજબ, આ ઓર્દ્યોગીક કેટેગરી હેઠળ ના વીજજોડાણ નેં – એલ.ટી.એમ.ડી. મુજબ નુ, કુલ ૫૭.૫ કીવો ના વીજભાર મુજબ નુ – જે એક માત્ર હૈયાત રહેલ એલ.ટી.એમ.ડી. જોડાણ મા કાયમ રાખી, તે મુજબ, ૦૧ કનેકશન (એલ.ટી.એમ.ડી.) ને જ ચાલુ રાખી, માત્ર ૦૧ કનેકશન (એલ.ટી.એમ.ડી.) નુ જ બીલીગ ચાલુ રાખવાની, અને તે મુજબ, હાલ ના તબ્બકે સ્થળ ઉપર હૈયાત રહેલ એવા આ ૦૧ માત્ર એલ.ટી.એમ.ડી ( વીજભાર ૫૭.૫ કીવો) વાળા વીજજોડાણ નુ બીલીગ, જે ઓર્દ્યોગીક જોડાણ મા વસુલાત પાત્ર એવા ૧૦% વીજકર ની ગણતરી હેઠળ જ કરવાની, અરજદારે પીજીવીસીએલ મા અરજી આપેલ હતી. પરંતુ, પીજીવીસીએલ તરફથી તે મુજબ ની કાર્યવાહી કરાયેલ નથી. અને, હાલ પીજીવીસીએલ તરફથી, તેઓ શ્રી ને, જાન્યુઆરી–૧૨ થી સદર એલ.ટી.એમ.ડી. જોડાણ નં. ૨૫૪૦૧/૨૧૩૧૦/૭,( વીજભાર ૫૭.૫ કીવો) ને – એન.આર.જી.પી માથી એલ.ટી.એમ.ડી કેટેગરી હેઠળ રૂપાંતરીત કરી અને જાન્યુઆરી–૨૦૧૨ થી માર્ચ–૧૫ સુધી ના ૪૦ માસ ના સમયગાળા ના, તફાવતીય પુરવણી બીલ ની ગણતરી અન્વયે નુ રૂપીયા ૧,૪૯,૯૧૯/૨૨ નુ સવાલવાળુ પુરવણી બીલ અપાયેલ છે. આ બાબત ને, પીજીવીસીએલ ના નિયમાધીન ધોરણો હેઠળ આવરી લઈ, સદર હૈયાત એવા ૦૧ માત્ર રહેલ એવા, એલ.ટી.એમ.ડી કેટેગરી ના વીજજોડાણ નં. ૨૫૪૦૧/૨૧૩૧૦/૭,( વીજભાર ૫૭.૫ કીવો) ને – અગાઉ ના ૨૫% વીજકર ને બદલે– ૧૦% વીજકર ની વસુલાત અન્વયે, તેમજ અન્ય ચાર્જ પણ નિયમાધીન રીતે, જાન્યુઆરી–૧૨ થી માર્ચ–૧૫ સુધીના કુલ ૪૦ માસ ના સમયગાળા મા આવરી લઈ અને તે મુજબ તેમને અપાયેલ સવાલવાળા વીજબીલ મા નિયમાધીન યોગ્ય અને વ્યાજબી કાર્યવાહી કરવા અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) પક્ષકાર ની રજુઆત**

| | |
|---|---|
| **૨.૧** | અરજદાર ના જોડાણ ના સ્થળ પર કુલ ૦૨ જોડાણો, થ્રી ફેઇઝ એવુ (૧) ૨૫૪૦૧/૨૧૩૧૦/૭ (એન.આર.જી.પી. – ૫૦ હોપા – ૩૮ કીવો) અને સીગલ ફેઇઝ એવુ ઓર્દ્યોગીક લાઈટીગ એવુ (૨) ૨૫૪૦૧/૨૧૩૧૧/૫ (૧.૫ કીવો) એમ કુલ ૦૨ જોડાણો હતા. વર્ષ–૨૦૧૨ દરમ્યાનના બીલીગ ટેરીફ ઓર્ડર મા, ઓર્દ્યોગીક વીજજોડાણ વાળા સ્થળ પર, અન્ય એવા બીજા થ્રી ફેઇઝ વીજજોડાણ (ઓર્દ્યોગીક લાઈટીગ) ની જરૂરીયાત ન હોય, માત્ર હૈયાત એવા ઓર્દ્યોગીક / વાણીજ્ય જોડાણ એક ની જ જરૂરીયાત હોય, આવા કારણોસર, આવા સ્થળ પર આવેલ અન્ય એવુ ઓર્દ્યોગીક લાઈટીગ પ્રકાર નુ બીજુ વીજજોડાણ કાયમી ધોરણે રદબાતલ થતુ હોય, અથવા તો આ જોડાણ નો વીજભાર, હૈયાત એવા અન્ય ઓર્દ્યોગીક / વાણીજ્ય જોડાણ મા સમાવિષ્ટ કરવાની જોગવાઈ – જે સદર વર્ષ–૨૦૧૨ ના બીલીગ ટેરીફ મા થયેલ હોય, આવા કારણોસર, અરજદાર શ્રી નુ ઓર્દ્યોગીક લાઈટીગ એવુ જોડાણ નં. : ૨૫૪૦૧/૨૧૩૧૧/૫ (૧.૫ કીવો) જે – હૈયાત એવા અન્ય થ્રી ફેઇઝ એવા, જોડાણ નં.: ૨૫૪૦૧/૨૧૩૧૦/૭ (એન.આર.જી.પી. – ૫૦ હોપા – ૩૮ કીવો) મા સમાવિષ્ટ કરાયેલ ન હતુ. પરંતુ, મીટર સર્વિસ ઉતારી અને પીજીવીસીએલ મા જમા લઈ અને કાયમી ધોરણે રદબાતલ કરાયેલ હતુ. આવા કારણોસર કાયમી ધોરણે રદબાતલ થયેલ એવા ઓર્દ્યોગીક લાઈટીગ એવા સીગલ ફેઇઝ જોડાણ નં. ૨૫૪૦૧/૨૧૩૧૧/૫ નો ૧.૫ કીવો નો વીજભાર, જે હૈયાત એવા થ્રી ફેઇઝ એવા, એન.આર.જી.પી. જોડાણ નં.: ૨૫૪૦૧/૨૧૩૧૦/૭ ના હૈયાત એવા – ૫૦ હોપા – ૩૮ કીવો મા – મર્જ (સમાવિષ્ટ) કરાયેલ નથી. પરંતુ, છેલ્લી વર્ષ–૨૦૧૧ / વર્ષ–૨૦૧૨ ની સ્થિતીએ જોડાણ પર માત્ર ૦૧ જ, એવુ થ્રી ફેઇઝ એવુ – એન.આર.જી.પી. જોડાણ નં.: ૨૫૪૦૧/૨૧૩૧૦/૭ (એન.આર.જી.પી. – ૫૦ હોપા – ૩૮ કીવો) જે, અરજદાર ના જોડાણ પર, એક માત્ર જોડાણ તરીકે વર્ષ–૨૦૧૨ થી હૈયાત રહેલ હતુ. |

| | |
|---|---|
| **૨.૨** | ત્યારબાદ, જાન્યુઆરી–૨૦૧૨ મા અરજદારે તેમના સ્થાપન પર ના સદર એન.આર.જી.પી. જોડાણ નં.: ૨૫૪૦૧/૨૧૩૧૦/૭ (ના હૈયાત એવા – ૫૦ હોપા ( ૩૮ કીવો ) મા વધારાના ૨૫ હોપા (૧૮ કીવો) નો વીજભાર વધારાની મંજુરી મેળવી અને જોડાણ ને કુલ ૭૫ હોપા (૫૬ કીવો) ના કરારીત વીજભાર વાળુ કરાયેલ હતુ. |
| **૨.૩** | વર્ષ–૨૦૧૨ ના બીલીગ ટેરીફ મા કરાયેલ જોગવાઈ મુજબ, '' ૪૦ કીવો ના વીજભાર થી વિશેષ'' વીજભાર ના જોડાણો ને, '' એલ.ટી.એમ.ડી ટેરીફ વાળા વીજજોડાણ '' નો દરજજો નિયમાધીન મળવા પાત્ર બને છે. જેથી, અરજદાર ની સદર જોડાણ નં.: ૨૫૪૦૧/૨૧૩૧૦/૭ જે અગાઉ, ડિસેમ્બર–૨૦૧૧ સુધી, ૩૮ કીવો ના વીજભાર હેઠળ નુ , '' એન.આર.જી.પી. ટેરીફ વાળુ '' વીજજોડાણ હતુ. તે જોડાણ મા, ૧૮ કીવો ના વીજભાર નો વધારો થતા, કુલ વીજભાર ૪૦ કીવો થી વિશેષ થતા – એટલેકે કુલ વીજભાર ૫૬ કીવો થતા, અરજદાર ના સ્થાપન પર ના અગાઉ ના સદર જોડાણ નં. ૨૫૪૦૧/૨૧૩૧૦/૭ ને, '' એન.આર.જી.પી. બીલીગ ટેરીફ ને બદલે, – એલ.ટી.એમ.ડી બીલીગ ટેરીફ મા '' જાન્યુઆરી–૨૦૧૨ થી આવરી લેવાની કામગીરી, '' જે તે સમયે પ્રવર્તમાન બીલીગ ટેરીફ ઓર્ડર મુજબ'' યોગ્ય હોવા છતા, જે તે સમયે કચેરી તરફથી, શરતચુક થી, અરજદાર ના સદર જોડાણ મા, ''જાન્યુઆરી–૨૦૧૨ થી એપ્રીલ–૨૦૧૫ સુધી'' આ મુજબ ની '' બીલીગ ટેરીફ તબ્દીલી ની કામગીરી '' થયેલ ન હતી. પીજીવીસીએલ ની ઓડિટ ટીમ ને, સદર શરતચુક યુકત ભુલ '' ધ્યાને આવેલ હોય'' ભુલ સુધારણા ના ભાગરૂપ, અરજદાર શ્રી ના સદર જોડાણ મા, ''જાન્યુઆરી–૨૦૧૨ થી એપ્રીલ–૨૦૧૫ સુધી'' બીલીગ ટેરીફ તબ્દીલી અન્વયે ની ગણતરી મુજબ નુ, રૂ.૧,૪૯,૯૧૯/૨૨ નુ પુરવણી બીલ અરજદાર ને થયેલ દરખાસ્ત મુજબ અપાયેલ હતુ. |
| **૨.૪** | મુદ્દા નં. ૨.૩ મા દર્શાવેલ, '' ઓડિટ રીકવરી અન્વયે ના પુરવણી બીલ ની રકમ રૂ.૧,૪૯,૯૧૯/૨૨ ની ગણતરી સામે, અરજદારે ફોરમ સમક્ષ સવાલવાળી અરજી દાખલ કરેલ હતી. ફોરમ કમિટી ને, સદર જોડાણ મા અપાયેલ '' બીલીગ ટેરીફ અન્વયે ની તફાવતીય બીલ આપવાની બાબત'' જે, વર્ષ–૨૦૧૨ થી એપ્રીલ–૨૦૧૫ સુધી ના સમયગાળા મા અમલી રહેલ, નામદાર જીઈઆરસી ના બીલીગ ટેરીફ મા કરાયેલ જોગવાઈ મુજબ ની જ જણાયેલ હતી. પરંતુ, સદર જોડાણ મા, જાન્યુઆરી–૨૦૧૨ થી એપ્રીલ–૨૦૧૫ સુધી ના સમયગાળા મા કરાયેલ તફાવતીય ગણતરી અન્વયે ની કુલ તફાવતીય રકમ રૂ ૧,૪૯,૯૧૯/૨૨ ની ગણતરી, જે ફોરમ કમિટી ને નિયમાધીન યોગ્ય જણાયેલ ન હોય, ફોરમ કમિટી તરફથી, સદર કેઈસ ના પ્રથમ હીઅરીગ તારીખ .૦૯–૦૬–૧૫ ની મીટીંગ મા, ફોરમ કમિટી તરફથી, પીજીવીસીએલ ને મળેલ સુચના મુજબ, ''અરજદાર ને અપાયેલ સદર તફાવતીય બીલ ની સવાલવાળી રકમ રૂ.૧,૪૯,૯૧૯/૨૨ '' જે, ફેર ગણતરી હેઠળ આવરી લઈ અને તે મુજબ ફરી એક વખત, સદર બીલ ની ગણતરી, જે (જાન્યુઆરી–૨૦૧૨ થી એપ્રીલ–૨૦૧૫ સુધી ના સમયગાળા માટે, એન.આર.જી.પી. બીલીગ ના ફીકસચાર્જ, એનર્જીચાર્જ, મીટર ભાડુ, તેમજ વીજકર ની સામે, એલ.ટી.એમ.ડી બીલીગ કેટેગરી ના આ જ ચાર્જીસ, એટલેકે એલ.ટી.એમ.ડી ના બીલીગ ના ફીકસચાર્જ, એનર્જીચાર્જ, મીટર ભાડુ, તેમજ વીજકર ની સરખામણીએ) તમામ પ્રકાર ના '' અગાઉ ના એન.આર.જી.પી બીલીગ કેટેગરી ના અને હાલ ના એલ.ટી.એમ.ડી કેટેગરી ના – અગાઉ વસુલ થયેલ ચાર્જીસ સામે, હાલ વસુલાત પાત્ર થતા ચાર્જીસ મુજબ ની ગણતરીએ'' ફરી એક વખત, જાન્યુઆરી–૨૦૧૨ થી એપ્રીલ–૨૦૧૫ સુધી ના કુલ ૪૦ માસ ના સમયગાળા માટે થતી ખરેખર તફાવતીય રકમ નુ – રીવાઇઝ બીલ બનાવી અને અરજદાર ને આપવાનો પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ થયેલ હતો. |
| **૨.૫** | મુદ્દા નં. ૨.૪ મા દર્શાવ્યા મુજબ ની વિગતે ના, '' ફોરમ કમિટી ના આદેશ મુજબ '' ત્યારબાદ, પીજીવીસીએલ કક્ષાએથી, અરજદાર શ્રી ને અગાઉ અપાયેલ '' જાન્યુઆરી–૨૦૧૨ થી એપ્રીલ–૨૦૧૫ સુધી ના સમયગાળા ની – બીલીગ તફાવતીય ગણતરી અન્વયે નુ સવાલવાળુ મુળ રૂ.૧,૪૯,૯૧૯/૨૨ નુ પુરવણી બીલ, રીવાઇઝ કરવામા આવેલ હતુ. આ રીવાઇઝ ગણતરી મુજબ, અરજદાર શ્રી ને હવે, જાન્યુઆરી–૨૦૧૨ થી એપ્રીલ–૨૦૧૫ સુધી ના કુલ ૪૦ માસ નુ – નિયમાધીન દ્રષ્ટીએ તમામ બાબતો ને આવરી લઈ ને, ગણતરી મા લેવાયેલ તમામ ચાર્જીસ અન્વયે નુ, તફાવતીય બીલ, જે રૂ.૮૫,૨૭૧/૫૬ નુ બનેલ છે. અને ફોરમ કમિટી ના આદેશ મુજબ, અરજદાર શ્રી ને સદર '' રૂ.૮૫,૨૭૧/૫૬ ના રીવાઇઝ બીલ નુ ગણતરીપત્રક '' અરજદાર શ્રી ને રૂબરૂ આપવામા આવેલ છે. આમ, સદર બીલ રીવાઇઝ થતા – એટલેકે મુળ સવાલવાળુ અગાઉ નુ રૂ.૧,૪૯,૯૧૯/૨૨ નુ પુરવણી બીલ રદબાતલ થયેલ છે, અને હવે ફાઈનલ રીવાઇઝ એવુ રૂ.૮૫,૨૭૧/૫૬ નુ પુરવણી બીલ બનેલ છે. આ સમયે, અરજદારે સદર રીવાઇઝ બીલ ની રકમ રૂ.૮૫,૨૭૧/૫૬ ની સામે, રૂ.૭૬,૩૩૯/૩૫ ભરપાઈ કરી આપેલ હતી. જેથી, સદર રીવાઇઝ બીલ સામે, નવેમ્બર – ૨૦૧૫ ની સ્થિતી એ, અરજદારે રૂ.૮,૯૩૧/૮૨ ની રકમ પીજીવીસીએલ મા ભરપાઈ કરવાની રહેશે. આમ, હાલ ના તબ્બકે, અરજદાર શ્રી ને જે રીવાઇઝ ગણતરી મુજબ નુ રૂ.૮૫,૨૭૧/૫૬ નુ પુરવણી બીલ, જે પત્ર ક્રમાંક : ૬૭૩૦, તા.૨૯–૧૦–૧૫ થી અરજદાર શ્રી ને અપાયેલ છે, તે બીલ નામદાર જીઈઆરસી ના બીલીગ ટેરીફ મા કરાયેલ જોગવાઈ મુજબ, નિયમાધીન દ્રષ્ટીએ વસુલ પાત્ર થતા, તફાવતીય ચાર્જ ની રકમ મુજબ નુ જ હોય, યોગ્ય છે. |

**<u>મુદ્દા નં.–૩ :</u>** **: <u>નિષ્કર્ષ</u> :**

| | |
|---|---|
| **<u>૩.૧</u>** | અરજદાર ના સ્થાપન પર નુ હૈયાત જોડાણ નં : ૨૫૪૦૧/૨૧૩૧૦/૭ , જે ડિસેમ્બર–૨૦૧૧ ની સ્થિતી એ '' એલ.ટી.એમ.ડી કેટેગરી હેઠળ નુ ૩૮ કીવો ના વીજભાર વાળુ હતુ – અને જાન્યુઆરી–૨૦૧૨ થી અરજદારે સદર જોડાણ મા વધારાના ૧૮ કીવો નો વીજભાર વધારો મંજુરી મેળવી, અને સદર જોડાણ ને – ૩૮ કીવો ના વીજભાર ને બદલે, ૫૬ કીવો ના વીજભાર નુ કરેલ હતુ. આ સમયે, નામદાર જીઈઆરસી ના બીલીંગ ટેરીફ ઓર્ડર મુજબ, ૪૦ કીવો થી વધુ વીજભાર વાળા જોડાણ નુ બીલીંગ, ''એલ.ટી.એમ.ડી બીલીંગ કેટેગરી હેઠળ '' કરવાની જોગવાઈ હોય, પરંતુ, અરજદાર ના સદર જોડાણ નુ બીલીંગ, જે ખરેખર નિયમાધીન રીતે, જાન્યુઆરી–૨૦૧૨ થી, એપ્રીલ–૨૦૧૫ સુધી '' એલ.ટી.એમ.ડી બીલીંગ કેટેગરી હેઠળ કરવા યોગ્ય હોવા છતા '' પીજીવીસીએલ તરફથી, આ સમયગાળા મા '' એન.આર.જી.પી. બીલીંગ કેટેગરી હેઠળ નુ બીલીંગ થયેલ હતુ. '' આ બાબત, સબંધક કચેરી ની શરતચુક ભુલ હતી, જે પીજીવીસીએલ ની ઓડિટ ટીમ ને ધ્યાને આવતા, અરજદાર ના સદર જોડાણ નં. ૨૫૪૦૧/૨૧૩૧૦/૭ (હાલ – એલ.ટી.એમ.ડી – ૫૬ કીવો વીજભાર ) ના આ સવાલવાળા સમયગાળા – એટલેકે જાન્યુઆરી–૨૦૧૨ થી, એપ્રીલ–૨૦૧૫ સુધી નુ બીલીંગ, જે '' ભુલ સુધારણા ના ભાગરૂપ એન.આર.જી.પી ને બદલે એલ.ટી.એમ.ડી મુજબ કરી '' અને તે મુજબ સદર સમયગાળા ના કુલ ૪૦ માસ નુ તફાવતીય પુરવણી બીલ અપાયેલ છે. આમ, અરજદાર ના જોડાણ મા પીજીવીસીએલ તરફથી, '' જે, એલ.ટી.એમ.ડી બીલીંગ કેટેગરી હેઠળ, અરજદાર ના જોડાણ ને, જાન્યુઆરી–૨૦૧૨ થી, એપ્રીલ–૨૦૧૫ સુધી '' સમાવિષ્ટ કરી અને જે તફાવતીય બીલ અપાયેલ છે. તે, હાલ ના તબ્બકાની પીજીવીસીએલ પક્ષકાર ની મુદ્દા નં. ૨.૫ મુજબ ની વિગતે નુ, આખરી પુરવણી બીલ – જે, જાન્યુઆરી–૨૦૧૨ થી એપ્રીલ–૨૦૧૫ સુધી ના ૪૦ માસ ના સમયગાળા નુ, તફાવતીય રકમ નુ, હાલ ના તબ્બકે રીવાઇઝ એવુ રકમ રૂ. ૮૫,૨૭૧/૫૬ નુ પુરવણી બીલ, જે અરજદાર ને અપાયેલ છે. તે બાબત, નામદાર જીઈઆરસી ના બીલીંગ ટેરીફ મા કરાયેલ જોગવાઈ મુજબ નુ જ છે. ફોરમ કમિટી સદર રૂ. ૮૫,૨૭૧/૫૬ ના બીલ ને, પીજીવીસીએલ ના નિયમાધીન યોગ્ય અને વ્યાજબી ઠરાવે છે. |

**<u>મુદ્દા નં.–૪ :</u>** **<u>હુકમ</u>**

| | |
|---|---|
| **<u>૪.૧</u>** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર ને, તેમના જોડાણ નં. ૨૫૪૦૧/૨૧૩૧૦/૭ (હાલ – એલ.ટી.એમ.ડી – ૫૬ કીવો વીજભાર ) મા, પીજીવીસીએલ તરફથી, હાલ ના તબ્બકે અપાયેલ, જાન્યુઆરી–૨૦૧૨ થી એપ્રીલ–૨૦૧૫ સુધી ના ૪૦ માસ ના સમયગાળા નુ, તફાવતીય રકમ નુ, રીવાઇઝ ગણતરી મુજબ નુ રકમ રૂ. ૮૫,૨૭૧/૫૬ નુ પુરવણી બીલ, જે પીજીવીસીએલ મા પ્રવર્તમાન રહેલ એવા નામદાર જીઈઆરસી ના બીલીંગ ટેરીફ મા કરાયેલ જોગવાઈ મુજબ નુ જ હોય યોગ્ય છે. સદર કેઈસ મા તે મુજબ ની જાણકારી, બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |

**(કુ. યુ.એચ જુહાણી)**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(જે.એ.પારેખ)**
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(એ.એમ.ઢેબર)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

<u>**નોંધ**</u> જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..**